અપીલ અરજી નં.૩૦૮ તા.૨૮–૧–૦૯

અરજદાર: શ્રી સુરેશ એમ.પટેલ
સામાવાળા: શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)

## ફરીયાદની હકીકત:–

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ.પટેલની તા.૨૬–૧૧–૦૮ની અરજીથી તા.૪–૧૦–૦૮ ના રોજ મ્યુ.કમિશનરશ્રી અને સ્થાયી સમિતિ સમિતિના અધ્યક્ષને કરેલ અરજી બાબતે ભુતકાળમાં શી યોજના બનાવવામાં આવેલ? વર્તમાનમાં શું ચાલી રહયું છે? યોજના બાબતે અને ભવિષ્યમાં શું યોજના બનાવવામાં આવી છે? અને કોઈ જ યોજના બનાવવામાં આવેલ ન હોય તો સ્કુલ રીનોવેશન કરી ચાલુ કરવી તેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૮–૧–'૦૯ ની અપીલ અરજી નં.૩૦૮/૨૦૦૮–૦૯

શ્રી સુરેશ એમ.પટેલની તા.૨૬–૧૧–૦૮ની અરજીથી તા.૪–૧૦–૦૮ ના રોજ મ્યુ.કમિશનરશ્રી અને સ્થાયી સમિતિ સમિતિના અધ્યક્ષને કરેલ અરજી બાબતે ભુતકાળમાં શી યોજના બનાવવામાં આવેલ? વર્તમાનમાં શું ચાલી રહયું છે યોજના બાબતે? અને ભવિષ્યમાં શું યોજના બનાવવામાં આવી છે અને કોઈ જ યોજના બનાવવામાં આવેલ ન હોય તો સ્કુલ રીનોવેશન કરી ચાલુ કરવી તેની માહિતી આપવા બાબતે પ્રત્યુત્તર ન મળવાના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને દિન–૪ના વિલંબથી તા.૨૮–૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની ફી ભર્યાની વિગત સહિતની નકલ, જો કોઈ પૂર્ણ કે આંશિક તબદીલી હોય તો તેની વિગત, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ તબદીલ/વિલંબ/વિસંગતતા તથા ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૪૨ તા.૩–૨–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન) તથા અરજદારનને વાજબીપણું અને આધાર રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી કે માહિતીના ઈન્કાર અંગે કોઈ અપવાદ જાહેર માહિતી અધિકારી ધ્વારા કાયદાની કલમ ૮,૯ કે ૧૧ હેઠળ જણાવેલ નથી. તેમજ અરજદાર તરફથી વાજબીપણું અને આધાર રજુ કરતી અત્રેના વિભાગને કોઈ વિગતો મળેલ નથી.

અરજદારે તા.૨૬–૧૧–૦૮ ની અરજીથી તા.૪–૧૦–૦૮ થી વિગતવાર સબંધિત વિભાગમાં કરવામાં આવેલી અરજી બાબતેની સ્કુલ નં.૫૦ બંધ હાલતમાં હોય તે જગ્યા ઉપર કયા પ્રકારનું આયોજન કરવામાં આવેલ છે તથા રીનોવેશન કરી સ્કુલ ફરી ચાલુ કરવા અંગેની માહિતી માંગવામાં આવેલ છે. અને સદર સ્કુલના રૂમનો મજુરોના રહેઠાણ ગેરકાયદેસર ઉપયોગ, ગાડી પાર્કીગ અને ગંદકી અંગેની ફરીયાદની રજુઆત કરેલ છે.

અરજદારે તેમની તા.૪–૧૦–૦૮ ની અરજીના અનુસંધાને થયેલ કાર્યવાહીની વિગતો માંગેલ છે. અરજીની વિગત જોતાં મનપાની શાળાકીય મિલ્કત અસરકારક ઉપયોગ અને જાહેર દુષણ અટકાવવાને સ્પર્શતી વ્યાપક જાહેર હિતને સ્પર્શતી માહિતી માંગેલ છે. અરજદારે મુળ અરજીથી સ્કુલ રીનોવેશન કરી ચાલુ કરાવવાની રજુઆત કરેલ છે. જે આરટીઆઈ કાયદાની કલમ–૨(એફ) (આઈ) અને (જે) અનુક્રમે માહિતી દફતર અને માહિતી અધિકારની વ્યાખ્યાના વ્યાપની બહારની કાર્યવાહી હાથ ધરવાને લગતી રજૂઆત છે.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૬–૧૧–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી અરજદારની તા.૪–૧૦–૦૮ ની અરજી અન્વયે બાબત હેઠળની શાળા અંગે વર્તમાન આયોજન,ભાવિ આયોજન તથા વર્તમાન સ્થિતિની જાહેર માહિતી અધિકારી પાસેની અને નિયંત્રણ હેઠળની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી અત્રેની જાણ હેઠળ આરટીઆઈની કલમ–૭(૬) અનુસાર વિના મુલ્યે અરજદારને દિન–૭ માં શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિ અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે.

અરજદારની ફરીયાદ સબંધે કાર્યવાહીને લગતી માહિતી અંગે સક્ષમ સત્તાધીશને અલાયદી રજુઆત કરવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૨ –૦૯.

ડે.***કમિશ્નર(જનરલ),***
અ***ને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન ..... જાણ માટે
(૨) શ્રી સુરેશ એમ.પટેલ,૪/૩૬૬,